અપીલ અરજી નં.૩૪ તા.૫–૫–૦૯/૧૦ તથા અપીલ નં.૩૬ તા.૭–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની અપીલ નં.૩૪ તા.૨૩–૩–૦૯ ની અરજીથી પાણી પુરવઠા,જળસંપતિ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ ગાંધીનગરના તા.૩–૧૧–૦૮ના પત્ર અનુસંધામાં મિલ્કત નં.૪/૨૫૦૯/અ/૧/૩/અ–બ–ક–ડ, કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ તેની માહિતી બાબત, તથા અપીલ નં.૩૬ તા.૨–૪–૦૯ ની અરજીથી સલાબતપુરા નાની બેગમવાડી, વોર્ડ નં.૪,સી.સ. નં. ૨૫૦૯/અ/૧/૨ વાળી મિલ્કતમાં કયા હેતુમાં ઉપયોગ કરી શકાય? આ હેતુથી તે મિલ્કતનો ઉપયોગ થાય છે? ના થતો હોય તો આ મિલ્કત ધારક વિરુધ્ધ અત્યાર સુધીમાં શી શી કાર્યવાહી કરી તે બાબતે મંદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** (૧)અરજદાર મજકુરની તા.૫–૫–'૦૯ ની અપીલ અરજી નં.૩૪/૨૦૦૯–૧૦
(૨) અરજદાર મજકુરની તા.૭–૫–૦૯ ની અપીલ અરજી નં.૩૬/૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની અપીલ નં.૩૪ તા.૨૩–૩–૦૯ નીઅરજીથી પાણી પુરવઠા,જળસંપતિ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ ગાંધીનગરના તા.૩–૧૧–૦૮ના પત્ર અનુસંધામાં મિલ્કત નં.૪/૨૫૦૯/અ/૧/૩/અ–બ–ક–ડ, કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ તેની માહિતી બાબત, તથા અપીલ નં.૩૬ તા.૨–૪–૦૯ ની અરજીથી સલાબતપુરા નાની બેગમવાડી, વોર્ડ નં.૪,સી.સ. નં.૨૫૦૯/અ/૧/૨ વાળી મિલ્કતમાં કયા હેતુમાં ઉપયોગ કરી શકાય? આ હેતુથી તે મિલ્કતનો ઉપયોગ થાય છે? ના થતો હોય તો આ મિલ્કત ધારક વિરુધ્ધ અત્યાર સુધીમાં શી શી કાર્યવાહી કરી તે બાબતે મંદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે અપીલ નં.૩૪ શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ નં.૫૨ તા. ૧૫–૪–૦૯ થી આપેલ માહિતી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૫–૫–૦૯ ના રોજ તથા અપીલ નં.૩૬ અંગે નહી મળેલ પ્રતિભાવથી તા.૭–૫–૦૯ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪ તા.૧૩–૫–૦૯ થી અપીલ નં.૩૪ બાબતે તથા આરટીઆઈ સેલ/૧૫૨ તા.૧૪–૫–૦૯ થી અપીલ નં.૩૬ અંગે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને અપીલ અરજીના અનુસંધાને પત્રો પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વિશેષ કોઈ વિગતો એક પણ કેસમાં મળેલ નથી. પરંતુ અપીલ નં.૩૪ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૫૨ તા.૧૫–૪–૦૯ ની નકલ અત્રે મળેલ છે. બંને અપીલ અરજી વિષય વસ્તુ અને માંગેલ માહિતી સલાબતપુરા નાની બેગમવાડી ખાતે આવેલ મિલ્કત ૨૫૦૯/અ/૧/૩ અ–બ–ક–ડ ને લગતું હોય બંને અપીલોનું જોડાણ કરવામાં આવે છે.

અપીલ નં.૩૪ બાબતે અરજદાર ધ્વારા તેમની મૂળ અરજી તા.૨૩–૩–૦૯ થી નિર્દિષ્ટ મિલ્કત અંગે પાણી પુરવઠા અને જળ સંપતિ તેમજ શહેરી વિકાસ ખાતુ ગુજરાત સરકારના અંગત મદદનીશના પત્ર નં.પાણી પુરવઠા જળ સંપતિ શ.વિ./૭૯/૫૦૯૬/૦૮ તા.૩–૧૧–૦૮ નો પત્ર મળ્યા બાદ આ બાબતે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ તેની નકલ સહિતની વિગતો અને કોઈ કાર્યવાહી ન કરેલ હોય તો તેના કારણોની વિગત માંગેલ જે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૧૫–૪–૦૭ ના પત્રથી નિર્દિષ્ટ મિલ્કત અંગે કોઈ પ્રશ્ન/વિવાદ ઉદભવેલ ન હોય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી એવું જણાવેલ છે.

જયારે અપીલ નં.૩૬ બાબતે અરજદારે તા.૨–૪–૦૯ ની અરજીથી આજ મિલ્કત પકી ૨૫૦૯/અ/૧–૨ વાળી મિલ્કત અંગે મિલ્કતનો નિયમ મુજબ કયા હેતુ માટે ઉપયોગ કરી શકાય? તે મુજબ ઉપયોગ થાય છે કે કેમ? જો ના થતો હોય તો મિલ્કતધારક વિરુધ્ધ વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતો તથા આ બાબતે મિલ્કતદાર વિરુધ્ધ કેટલી અરજીઓ આવેલ છે અને વિભાગે એ અંગે શી કાર્યવાહી કરેલ તેની માહિતી માંગેલ છે. જે અંગે નિયત સમય મર્યાદામાં માહિતી મળેલ નહીં હોવાની રજૂઆત અપીલ તબકકે અરજદારે કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતીના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

અપીલ નં.૩૪ બાબતે અરજદાર ધ્વારા ગાંધીનગર ખાતેથી અત્રેની કચેરી પર લખાયેલ પત્રની નકલ રજૂ કરેલ છે. જેમાં નિર્દિષ્ટ મિલ્કત બાબતે રજૂઆત થયાનું જણાવેલ છે. તે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીનો આ અંગે કોઈ પ્રશ્ન/વિવાદ ન ઉદભવેલ હોવાની આપેલ માહિતી તાર્કીક જણાતી નથી.

**પાછળ**

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૩–૦૯ ની તથા ૨–૪–૦૯ ની અરજીઓથી માંગેલ માહિતી બાબતે નિર્દિષ્ટ મિલ્કતને લગતા લાગત રજીસ્ટર અને ફાઈલની દફતરી તપાસણી દિન–૭ માં અરજદારને પૂરી પાડી કાયદાની કલમ–૭(૬) હેઠળ માંગેલ માહિતીના પરિપ્રેક્ષ્યમાં તપાસણી પશ્ચાત અરજદાર જણાવે તે નકલ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાંઆવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલ ઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ, પ્રોફેશનલ ક્રાઈમ, પટેલ પાર્ક, તાડવાડી રાંદેર રોડ, સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.